# કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

*અમારું ધ્યેયઃ સર્વ જીવોનું કલ્યાણ*

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

સરનામુઃ- ૪થો માળ, બ્લોક નં. ૧, કર્મયોગી ભવન, સેકટરઃ- ૧૦ એ, ગાંધીનગર, ગુજરાત. ૩૮૨૦૧૦

## જાહેરાત ક્રમાંકઃ ૦૩/૨૦૧૯

કામધેનુ યુનિવર્સિટીની નીચે દર્શાવેલ વર્ગ-૨ સંવર્ગની જગ્યા સીધી ભરતીથી ભરવા ઉમેદવારો પસંદ કરવા માટે શૈક્ષણીક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનાનું અરજી પત્રક મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ ભરવાપાત્ર જગ્યા |
|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૦૧ |
| | કુલ | ૦૧ |

જાહેરાત અંગે વધારાની વિગતવાર માહિતી જેવીકે જાહેરાત, અરજીપત્રક તથા જરૂરી વિગતો કામધેનુ યુનિવર્સિટીની વેબસાઇટ www.ku-guj.org ઉપર તા.૨૫/૧૦/૨૦૧૯ના રોજથી જોવા મળશે.

તારીખ:૨૫/૧૦/૨૦૧૯. કુલસચિવ

જાહેરાત ક્રમાંક: ૦૩/૨૦૧૯

કામધેનુ યુનિવર્સિટી અને તેના વિવિધ કેન્દ્રો માટે નીચે દર્શાવેલ વર્ગ-૨ સંવર્ગની જગ્યા સીધી ભરતીથી ભરવા ઉમેદવારો પસંદ કરવા માટે શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી યુનિવર્સિટીની વેબસાઇટ www.ku-guj.org પર રાખવામાં આવેલ નિયત નમૂનાનું અરજી પત્રક મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ ભરવાપાત્ર જગ્યા | કક્ષાવાર જગ્યા | | | | | કક્ષાવાર જગ્યા પૈકી મહિલાઓ માટે અનામત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Gen | SC | ST | SEBC | EWS | Gen | SC | ST | SEBC | EWS |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | 01 | 1 | | | | | 1 | | | | |

**PART-A**

ઉપરોકત કોષ્ટકોમાં દર્શાવેલ જગ્યા બાબતેની શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ અને વયમર્યાદા:-

| ક્રમ | જગ્યાનુ નામ તથા પગાર ધોરણ | જરૂરી શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી<br>જગ્યા-૦૧<br><br>પગાર ધોરણ:<br>પે મેટ્રીક્ષ, લેવલ-૮<br>(૪૪૯૦૦-૧૪૨૪૦૦) | [A] The candidate should have passed the Second Class B.V.Sc. and A.H. degree or its equivalent degree in Second Class.<br><br>[B] The candidate must be the Member of State Veterinary Council OR Veterinary Council of India.<br><br>[C] Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | ૩૫ વર્ષથી નીચે |

## PART-B

**અગત્યની શરતો/સુચનાઓઃ-**

વેબસાઇટ પરથી ડાઉનલોડ કરેલ અરજી પત્રક ભરતાં પહેલાં વિગતવાર જાહેરાત અને સૂચનાઓ વાંચી, સમજી સંપૂર્ણ અરજી પત્રક વિગતે તથા નિયત કરેલ ફોર્મેટમાંજ ભરવાનું રહેશે. પાછળથી અરજી પત્રકમાં આપેલ માહિતી/વિગતોમાં ભૂલચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત /વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. તથા અધૂરી માહિતિ વાળી અરજીઓ રદ થશે. જેની અચૂક નોંધ લેવી.

૧) ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત સરકાર માન્ય બોર્ડ / યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇશે.

૨) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક-દાવો સ્વીકારવામાં આવશે નહી.

૩) ઉપરોકત જગ્યા માટે શૈક્ષણીક લાયકાત, વયમર્યાદા, અન્ય જરૂરી લાયકાત માટે અરજી કરવાની છેલ્લી તારીખઃ ૨૫/૧૧/૨૦૧૯ ની સ્થિતિએ ગણવામાં આવશે.

૪) ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નં.સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતાં હોવા અંગેનું સરકાર દ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડીપ્લોમા, ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય, તો તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતો હોવા જોઇશે. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતાં ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ્ કરી શકશે.

૫) ઉપરોકત જગ્યામાં નામ.સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩ -ગ-૫, તા.૨૯.૦૯.૨૦૧૨ તથા ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.૫, તા.૦૬/૧૦/૨૦૧૫ મુજબ વયમર્યાદામાં લાગું પડતો વધારો કરવામાં આવેલ છે.

૬) ઉપરોકત જગ્યા માટે તા.૨૫/૧૧/૨૦૧૯ ના રોજ ઉમેદવારોની વય ૧૮ વર્ષથી ઓછી હોવી જોઇશે નહિ. તેમજ ઉકત તમામ જગ્યા માટે દર્શાવવામાં આવેલ વય મર્યાદા ઉપરાંત મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવારો તથા મહિલા, વિકલાંગ ઉમેદવારો તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપર

દર્શાવેલ અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હશે તો જ વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબની છૂટછાટ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧ | સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| ૨ | અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| ૩ | અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૪ | સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૫ | સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૬ | અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૭ | અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૨૦ વર્ષ |
| ૮ | માજી સૈનિક ઉમેદવારો નીચેની નોંધના મુદ્દા.(૯)મુજબ. | |

જાહેરાતમાં જે જગ્યા અનામત કેટેગરી માટે દર્શાવેલ છે તે જ જગ્યા માટે તે જ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. તેમજ અનામત વર્ગોને બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.

૭) શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોને સરકારશ્રીના વખતો વખતના પરિપત્રો મુજબ નક્કી કરેલ નિયત ખોડખાંપણનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરેથી નિયમોનુસાર લાભો આપવામાં આવશે.

૮) માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહિ તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત થયા હોય તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો તેમની ઉમરમાંથી બાદ કરતા મળતી ઉમર ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઇશે નહિ.

૯) અનામત જગ્યા ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત વર્ગના ઉમેદવારો માટે જ છે. આવા વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર ધ્વારા વખતો-વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે. અનામત વર્ગના ઉમેદવાર બિનઅનામત જગ્યા માટે અરજી કરે તેવા કિસ્સામાં અરજી ફી સિવાય, વયમર્યાદા અને અન્ય લાયકાત વગેરે અંગે બિન અનામતના ધારા-ધોરણો લાગુ પડશે.

૧૦) મહિલાઓની અનામત જગ્યા માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે. (સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૦૯૬/૨૨૧૩/ગ.૨/(ભાગ-૧) તથા તા.૦૧/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર /૧૦૯૬/૨૨૧૩/ગ.૨/ની જોગવાઇ મુજબ).

૧૧) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

૧૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ અનામતની કેટેગરી(જાતિ) અને ઉમેદવારની મૂળ(ખરેખર) કેટેગરીમાં તફાવત માલુમ પડશે તો તેવી અરજી રદ્દ કરવામાં આવશે.

૧૩) નામ. રાજય સરકારના, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫૪૫૫૨૪૬અ અનુસાર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત(SEBC) કેટેગરીના ઉમેદવારો માટે જગાઓ અનામત છે તેવા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત(SEBC) ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે કઢાવેલ નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ તા.૦૧-૦૪-૨૦૧૭ ના રોજ અથવા ત્યાર બાદ ઇસ્યુ થયેલ અને તા.૨૫-૧૧-૨૦૧૯ ના રોજ માન્યતા ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગાનો લાભ મળેશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુકિત તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

૧૪) આર્થિક રીતે નબળા વર્ગોના નાગરિકો/વ્યક્તિઓ માટે સેવા/ જગ્યા પર નિમણુંકોમા ૧૦% જગ્યા અનામત સબંધેની આનુષંગીક સૂચનાઓ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક પરચ/૧૦૨૦૧૯/૨૮૬૭૧/ગ-૨ તા. ૦૬/૦૨/૨૦૧૯ તથા સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક ઇડબ્લ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ તથા રાજ્ય સરકારના સદર બાબતેના વખતો વખતના પરિપત્રો/ઠરાવો/સૂચનાઓ મુજબ જરૂરી પ્રમાણપત્રો રજુ થયે નિયમોનુસાર લાભો આપવામાં આવશે.

૧૫) અરજીમાં ભરેલ શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, માજી સૈનિક, શારીરિક ખોડખાંપણ અને અન્ય વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના પ્રમાણપત્રો યુનિવર્સિટી માંગે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. આવા પ્રમાણપત્રો રજૂ નહિ કરી શકનાર ઉમેદવારનું અરજીપત્ર જે તે તબક્કેથી રદ્દ કરવાપાત્ર થશે.

૧૬) ઉમેદવારોએ યુનિવર્સિટી દ્વારા લેખિત કસોટી તથા અન્ય પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૧૭) આ જાહેરાતને સંલગ્ન તમામ સૂચનાઓ વખતો વખત યુનિવર્સિટીની વેબસાઇટ www.ku-guj.org ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે જેથી અરજી કરેલ ઉમેદવારોને યુનિવર્સિટીની વેબસાઇટ નિયમિત જોતા રહેવા જણાવવામાં આવે છે. પાછળથી કોઇ હકક દાવો માન્ય રાખવામાં આવેશે નહિ. તેમજ ઉમેદવારે પોતાનો મોબાઇલ નંબર કે ઇ-મેઇલ બદલવા નહીં.

૧૮) આ જાહેરાત કે ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ્ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો કામધેનુ યુનિવર્સિટીને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે. તેમજ અરજી ફીની રકમ કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહિ. ઉપરોકત જગ્યાની ભરતી અંગેના કોઇપણ નિર્ણય માટે કામધેનુ યુનિવર્સિટીને અબાધિત હક્ક રહેશે. યુનિવર્સિટી આ માટે કારણો આપવા જવાબદાર/ બંધાયેલ રહેશે નહી.

૧૯) અરજી માટેની ફીઃ

| ક્રમ | વિગત | અરજી ફી રકમ રૂા. |
|---|---|---|
| ૧ | બિન-અનામત કેટેગરીના પુરૂષ / મહિલા ઉમેદવાર માટે | ૪૦૦/- |
| ૨ | અનામત કેટેગરીના પુરૂષ / મહિલા ઉમેદવાર માટે (SC/ST/SEBC/PH/EWS) | ૨૫૦/- |
| ૩ | માજી સૈનિકો (Ex.Soldier Army, Navy, Air Force) ને ફી ભરવામાંથી મુકતિ આપવામાં આવે છે. (સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ આરઇએસ- ૧૦૮૫- ૩૪૩૩- ગ.૨, તા.૦૯/૦૭/૨૦૧૮ મુજબ) | -- |
| ૪ | અરજી પત્રક સાથે ઉકત દર્શાવ્યા મુજબની ફી અંગે "કામધેનુ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ" ના નામનો ગાંધીનગર(ગુજરાત) ખાતે ચૂકવવા પાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે. અન્યથા અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. (ડિમાન્ડ ડ્રાફટની પાછળ ઉમેદવારે પોતાનું નામ અને જે જગ્યા પર અરજી કરેલ હોય તે જગ્યાનું નામ દર્શાવવાનું રહેશે.) | |

અનામત કેટેગરીના ઉમેદવાર બિન અનામત કેટેગરી માટે ઉમેદવારી નોંધાવવા માગતા હોય અને જો ફીમાં છૂટછાટ લેવા માગતા હોય, તો તેઓએ અરજી ફી રુ.૨૫૦/- ભરવાની રહેશે પરંતુ જે તે અનામત કેટેગરીનું પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે.

બિન અનામત જગ્યા સામે અનામત કેટેગરી તથા માજી સૈનિક કેટેગરીના ઉમેદવારે અરજી કરેલ હોય તો તેઓને ફકત અરજી ફીની છૂટછાટ મળવાપાત્ર થશે. અનામત કેટેગરીની જગ્યા માટે મળતી અન્ય કોઇ છૂટછાટ મળવાપત્ર થશે નહિ.

૨૦) અરજી પત્રક ઉપર નિયત કરેલ જગ્યાએ તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો રંગીન ફોટો લગાડવાનો રહેશે. તેમજ તે જ ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે.

૨૧) અરજી પત્રક તથા તેને સંલગ્ન તમામ પ્રમાણપત્રો અને આધાર-પુરાવાની સ્વપ્રમાણિત નકલો સહિત કુલસચિવશ્રીની કચેરી, કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, વીંગ બી-૧, ચોથો માળ, સેકટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે તારીખ ૨૫/૧૧/૨૦૧૯ (કચેરી સમય દરમ્યાન) સુધીમાં ફકત **રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. (RPAD)** ધ્વારા કામકાજના દિવસો દરમ્યાન પહોંચાડવાની રહેશે. આરપીએડી સિવાય તથા નિયત કરેલ સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ.

જો ઉમેદવાર સરકાર/ બોર્ડ/ કોર્પોરેશન/યુનિવર્સિટી અથવા સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓમાં ફરજ બજાવતા હોય તો ઉમેદવારે ભરેલ અરજી ફોર્મ તેમની કચેરી મારફત મોકલવાના રહેશે. (ખાનગી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોને, સંસ્થા મારફતે અરજી મોકલવાની બાબતમાં છૂટછાટ રહેશે.) આવી અરજીઓ **કચેરી મારફત મોકલવા માટેની આખરી તા.૦૭/૧૨/૨૦૧૯** (કચેરી સમય દરમ્યાન) રહેશે. ઉમેદવારે **એડવાન્સ કોપી તા. ૨૫/૧૧/૨૦૧૯** (કચેરી સમય દરમ્યાન) સુધીમાં પહોંચાડવાની રહેશે.

૨૨) વિધવા મહિલા ઉમેદવારોને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર નિયત નમૂનામાં ઉમેદવારે રજૂ કરેલ પ્રમાણપત્રના આધારે લાભો આપવામાં આવશે.

૨૩) રમત-ગમત / એથલેટિકસના નિયત નમૂનાના પ્રમાણપત્રો રજૂ કરનાર ઉમેદવારોને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર લાભો આપવામાં આવશે.

૨૪) નિમણૂંક થયા બાદ આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ મુજબ સરકારશ્રી / યુનિવર્સિટીના વખતો-વખતના નિયમો મુજબ નિયત પરીક્ષાઓ નિયત સમયગાળામાં પાસ કરવાની રહેશે.

૨૫) ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭ના નિયમ-૭ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

૨૬) આ બાબતે કોઇ પણ વિવાદ તકરાર ઉદભવે તો ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે. તથા રાજ્ય સરકાર દવારા વખતો વખત નક્કી કરવામાં આવતા નિતીનિયમો મુજબ આગામી કાર્યવાહી યુનિવર્સિટી દવારા હાથ ધરવામાં આવશે.

૨૭) અગત્યની તારીખો :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | સમાચાર પત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખ | ૨૫/૧૦/૨૦૧૯ |
| ૨. | http://www.ku-guj.org વેબસાઈટ પર જાહેરાત પ્રસિધ્ધ થવાની તારીખ. | ૨૫/૧૦/૨૦૧૯ |
| ૩. | ભરેલ અરજી પત્રકની નકલ તમામ બિડાણ / આધારો સહિત કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને પહોંચાડવાની છેલ્લી તારીખ. **(ફકત રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. (RPAD) ધ્વારા કામકાજના દિવસો દરમ્યાન)** | ૨૫/૧૧/૨૦૧૯ |
| ૪. | ભરેલ અરજી પત્રક કચેરી મારફત મોકલવાની છેલ્લી તારીખ. | ૦૭/૧૨/૨૦૧૯ |

તારીખ : ૨૫/૧૦/૨૦૧૯

સ્થળ : ગાંધીનગર

કુલસચિવ

કામધેનુ યુનિવર્સિટી

ગાંધીનગર